# પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ચૂંટણીમાં વિકાસ પેનલનો વિજય

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેની પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીની મતગણતરી તા. ૩૧-૭-૨૦૧૫ના રોજ પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે જિલ્લા સહકારી અધિકારી આસોડિયાની હાજરીમાં યોજાઈ હતી. મોટેભાગે પેનલ ટુ પેનલનું પરિણામ બહાર પડતા સર્વત્ર હર્ષોલ્લાસ ફેલાયો હતો.

ખાસ કરીને વેપારી વિભાગની ચારેય બેઠકો બિન હરીફ થઈ જતાં ૨૨ જેટલા ઉમેદવારો મેદાનમાં હતા જેમાં ખેડૂત વિભાગ ૧૮ અને સહકાર વિભાગ ૪ના સ્પર્ધકો વચ્ચે ચૂંટણી સ્પર્ધા હતી. સમગ્ર માર્કેટયાર્ડ પ્રાંગણમાં કિસાનો, સહકારી આગેવાનોના ટોળેટોળા ઉમટી પડી પરિણામની સમીક્ષા કરી પોતાની ઉમેદવારના વિજયની વધામણીની રાહ જોતાં હતાં.

પરિણામ જાહેર થતાં સાંસદ દિપસિંહ રાઠોડ સહિતના રાજકીય આગેવાનો હર્ષમાં હતા. જ્યારે પરિણામ બાદ સમર્થકોએ ગુલાલ તથા આતશબાજી દ્વારા જીતને વધાવી હતી. તમામ ૧૪ બેઠકોના પરિણામ આવી જતા મતદાતાઓએ હાશકારો અનુભવ્યો હતો.

**વેપારી વિભાગ-બીનહરીફ ઉમેદવારો**

(૧) નરસિંઘાણી મહેશકુમાર વિષ્ણુપ્રસાદ
(૨) પટેલ અલ્પેશકુમાર કરશનભાઈ
(૩) રાઠોડ કાળુસિંહ ગમાનસિંહ
(૪) શાહ રાજેન્દ્રકુમાર ચંદુલાલ

**સહકારી વિભાગ-વિજેતા ઉમેદવારો**

(૧) પટેલ રાજેશકુમાર મણીલાલ
(૨) પટેલ બીપીનભાઈ કાંતિભાઈ

**ખેડૂત વિભાગ - વિજેતા ઉમેદવારો**

(૧) પટેલ ગીરીશભાઈ શંકરભાઈ
(૨) પટેલ આશિષકુમાર કોદરભાઈ
(૩) પટેલ વિનુભાઈ અમીચંદભાઈ
(૪) રાઠોડ રણજીતસિંહ દીપસિંહ
(૫) પટેલ ભોગીલાલ રમણલાલ
(૬) પટેલ બળદેવભાઈ બબાભાઈ
(૭) પટેલ જગદીશભાઈ જીવાભાઈ
(૮) ચૌહાણ કાળુસિંહ રામસિંહ

## ઊંઝા ડબ્બા ટ્રેડીંગ કેસના આરોપીઓના જામીન નામંજૂર

ઊંઝા, તા. ૩૧

તાજેતરમાં ઊંઝા ખાતે તિરૂપતિ કોમ્પ્લેક્ષની એક દુકાનમાં ચાલતા ડબ્બા ટ્રેડીંગના ધંધા પર ગાંધીનગર આર.આર. સેલે દરોડો પાડી પાંચ આરોપીઓ વિરૂદ્ધ સાપરાધ વિશ્વાસઘાત ઠગાઈ તથા ધી સીક્યુરીટી રેગ્યુલેશન કોન્ટ્રાક્ટ એક્ટની કલમ અન્વયે સ્થાનિક પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

પકડાયેલા આરોપીઓએ નામદાર ઊંઝા કોર્ટમાં જામીન પર છુટવા માટે અરજી કરી હતી. જેમાં આસીસ્ટંટ પબ્લીક પ્રોસિક્યુટર વિજય બી. બારોટે દલીલોમાં જણાવેલ કે, આરોપીઓ સામે મુકાયેલ તહોમત ખુબ જ ગંભીર પ્રકારનું છે. એટલે આરોપીઓના જામીન મંજુર કરવા જોઈએ નહીં.

# મોડાસાના પલિયાપુરના ગ્રામજનો વરસાદની મોસમમાં ભગવાન ભરોસે

મોડાસા, તા. ૩૧

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ગતિશિલ ગુજરાત વિકાશશીલ ગુજરાતનો જોરશોરથી પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. તેનાથી તદ્દન વિપરીત સ્થિતિ અરવલ્લી જિલ્લાના અનેક ગામડાઓમાં જોવા મળી રહી છે. આઝાદીના દાયકાઓ પછી પણ કેટલાય ગામડાઓમાં વિકાસના નામે શૂન્ય પરિણામ જોવા મળે છે. મોડાસા તાલુકાના બોડી પંચાયતના પલીયાપુરની સ્થિતિ ચોમાસાની સીઝન દરમિયાન દયનીય બની જતી હોય છે. પલીયાપુરના બન્ને તરફ વહેતા વાંધાઓના લીધે આખેઆખુ ગામ સંપર્ક વિહોણુ બની જાય છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બોડી ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ પલીયાપુરના ગ્રામજનો ચોમાસાની શરૂઆત થતાની સાથેજ ચિંતામાં ગરકાવ થઈ જાય છે. પલીયાપુર ગામની સીમમાંથી પસાર થતા વાંધા પર પુલના અભાવે ગ્રામજનોને હાલાકી ભોગવવી પડે છે. ચોમાસાના સીઝનની શરૂઆત થતાની સાથે જ દુનિયાથી સંપર્ક વિહોણા બની જાય છે. ૮૦ પરિવારો વરસાદથી ખુશ થવાને બદલે પરિવારજનોને પડતી હાલાકાથી તંગ આવી ગયો છે.



ચોમાસાની ઋતુમાં વાંધામાં ઉભરાતા પાણીથી ગામને જોડતા માત્ર એક માર્ગ પર ફરી વળતા અન્ય ગામોનો સંપર્ક તુટી જાય છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર ચોમાસાની ઋતુમાં ડિપ ના હોવાના લીધે ગામના બાળકો શિક્ષણથી પણ વંચિત રહેવું પડે છે. વરસાદ રહે ત્યાં સુધી ગામના બાળકો શાળામાં અભ્યાસ કરવા પણ જઈ શકતા નથી. તેમજ પશુપાલનનો વ્યવસાય ઉપર પણ ભારે અસર પડે છે. ચોમાસાની ઋતુમાં બિમાર બાળકો અબાલ વૃદ્ધની સાથે સગર્ભા મહિલાઓની હાલત ઉપર વિકટ પરિસ્થિતિ પેદા થતી હોય છે. ગ્રામજનોએ વાંધા પરથી પસાર થતા માર્ગ ઉપર પુલ બાંધવા વારંવાર સંલગ્ન વિભાગોમાં રજૂઆત કરવા છતાં સંલગ્ન વિભાગ વાઈબ્રન્ટ ન થતાં ગ્રામજનોને ચોમાસાની ઋતુમાં નિષ્ક્રિય થઈ જવું પડે છે.

(તસવીર : જય અમીન)

## અરવલ્લી જિલ્લામાં ગુરૂપૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના મોડાસાના દેવરાજ ધામ ખાતે ગુરૂપૂર્ણિમાના પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ગુરૂપૂર્ણિમાનો મહિમા અષાઢ માસની પૂનમે આવે છે. ત્યારે મોડાસાના બાજકોટ ગામે દેવાયત પંડિતની સમાધિ દેવરાજ ધામ ખાતે ભક્તોનો જમાવડો જોવા મળ્યો હતો.

અરવલ્લી જિલ્લાનું દેવરાજ ધામ મોડાસા જે ટેકરીની ગોળમાં વસ્યું છે તે ધામમાં આજે ગુરૂપૂર્ણિમા નિમિત્તે ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. દેવરાજ મંદિર કે જ્યાં રામદેવજી ભગવાન હાજરાહજૂર માનવામાં આવે છે. તે જગ્યામાં મહંત ધન્ગીરી મહારાજ દ્વારા ગુરૂપૂર્ણિમાના પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવે.

# આવતીકાલે અનામત મુદ્દે આગામી રણનીતિ ઘડવા ઊંઝા તાલુકાના પાટીદારોની બેઠક

ઊંઝા, તા. ૩૧

રાજ્યમાં અનામતના મુદ્દે પાટીદાર સમાજ દ્વારા જુદા જુદા સ્થળોએ રેલી કાઢી કલેક્ટરને આવેદનપત્રો આપવામાં આવી રહ્યા છે. ત્યારે આ અનામત આંદોલનને વેગવાન બનાવવાના ભાગરૂપે ઊંઝા સરદાર પટેલ સેવાદળ તથા કેવલેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા આગામી સમયમાં ઊંઝા તથા અમદાવાદ ખાતે યોજાનાર અનામત આંદોલન અંગેની રેલીનો કાર્યક્રમ ઘડી કાઢવા માટે આગામી તા. ૨-૮-૨૦૧૫ને રવિવારના રોજ ઊંઝા ખાતે ઐઠોર રોડ પર આવેલ શ્રી કેવલેશ્વર મહાદેવ પાર્ટી પ્લોટમાં સાંજે ચાર કલાકે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં ઊંઝા તાલુકાના સમસ્ત પાટીદાર સમાજને આમંત્રણ આપવામાં આવેલ છે. તેવું બહાર પડાયેલ એક પત્રિકામાં જણાવાયું છે. પત્રિકામાં વધુ માહિતી માટે સરદાર પટેલ સેવાદળ કાર્યાલય ઊંઝાનો સંપર્ક કરવા પણ જણાવાયેલ છે.

પાટીદારોની અનામતની માંગણીના સંદર્ભે ઊંઝામાં યોજાનાર મીટીંગ અંગે સ્થાનિક ધારાસભ્ય અને ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ નારાયણભાઈ પટેલે જણાવ્યું હતું કે, લોકશાહીમાં દરેકને માંગણી કરવાનો અધિકાર છે. એટલે અમો કોઈને ના ન પાડી શકીએ. પાટીદારો શાંતિથી આંદોલન કરતા હોય તો તેઓને કરવા દેવું જોઈએ. આ આંદોલન અસામાજીક તત્વોના હાથ પર ન ચઢી જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. ભુતકાળમાં આંદોલનમાં રાજ્યના કેટલાક યુવાનોએ જીવ ગુમાવ્યા હતા.

ઊંઝા ખાતે ૨જી ઓગષ્ટના રોજ મળનાર સદર મીટીંગ અંગે સરદાર પટેલ સેવાદળ ઊંઝાના પ્રમુખ ભવલેશ પટેલે જણાવ્યું હતું કે, પાટીદારોની અનામત અંગેની આ બેઠક ઊંઝા તાલુકાના પાટીદારો પુરતી જ છે. બહારના કોઈ સભ્યો આવવાના નથી. આગામી સમયમાં રેલી કાઢવા માટે ચર્ચાવિચારણા કરવા માટે મીટીંગનું આયોજન કરાયેલ છે.

ઊંઝાના ઈન્ચાર્જ મામલતદાર અંબાલાલ પટેલે કહ્યું હતું કે, મંજુરી અમે આપી નથી. સભા સરઘસ લાઉડસ્પીકર રેલીની મંજુરી લેવાની હોય છે. પરંતુ પત્રિકા અને મીટીંગ કરવા માટે મંજુરી લેવાની રહેતી નથી. ઊંઝાના એસ.પી. જી. ગ્રુપ તથા શ્રી કેવલેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા ઊંઝામાં આયોજીત પાટીદારોની અનામત આંદોલન રેલીના કાર્યક્રમ સંદર્ભે મળનાર મીટીંગ બાબતે પોતે અજાણ હોવાનું જણાવ્યું હતું.


# તલોદના નાગણેશ્વરી મંદિરે ગુરૂપૂર્ણિમા નિમિત્તે વિવિધ ધાર્મિક પ્રસંગો યોજાયા

તલોદ, તા. ૩૧

તલોદમાં કોલેજ માર્ગ ઉપર આવેલા સુપ્રસિદ્ધ નાગણેશ્વરી માતાજીના મંદિરે ગુરૂપૂર્ણિમા નિમિત્તે ધાર્મિક પ્રસંગોનું આયોજન થયું હતું. ચૌદસના દિવસે હોમ હવન, ભજન તથા ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂ પૂજન કરવામાં આવ્યું હતું. દેશભરમાંથી માતાજીના ભક્તો અને શિષ્યો મોટી સંખ્યામાં હાજર રહી પાવન પર્વની ઉજવણી કરી હતી.

તલોદમાં આવેલ નાગણેશ્વરી મંદિરે ગુરૂપૂર્ણિમાના પવિત્ર અવસરે બે દિવસીય ધાર્મિક પ્રસંગોનું સુંદર આયોજન થયું હતું. ચૌદસે સવારે રાજુભાઈ પટેલ તથા તેમની પત્ની કલીબેનના યજમાન પદે યજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં સગાવાહાલા સહિત અનેક લોકોએ ભાગ લીધો હતો. આજ દિવસની રાત્રીએ ભજન પ્રસંગે યોજ્યો હતો. જ્યારે ગુરૂપૂર્ણિમાના દિવસે માતાજીની મહાઆરતી કરવામાં આવી હતી તથા મંદિરના સ્વર્ગસ્થ ગાદીપતિ ગુરૂ ગંભીરસિંહ તથા ઘમીરસિંહની પાદુકાનું પૂજન કરી હાલના ગુરૂ જીભુસિંહનું પણ શિષ્યોએ પૂજન કર્યું હતું. ગુરૂએ પોતાના શિષ્યોને આશીર્વચન પાઠવી બાધા આખડી આપી હતી. સતત પંદર વર્ષથી ગુરૂ શિષ્યાની પરંપરાને નિભાવતુ આ સુપ્રસિદ્ધ ચમત્કારી નાગણેશ્વરી મંદિર પંથકમાં પ્રખ્યાત બન્યું છે. આજના દિવસે કચ્છ, કાઠીયાવાડ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશથી શ્રદ્ધાળુઓ ગુરૂના આશીર્વાદ મેળવવા ઉમટી પડ્યા હતા. રાત્રીએ મંદિરે સામુહિક આરતીનું ભવ્ય આયોજન હાથ ધરાયું છે.

મંદિર હિન્દુ-મુસ્લીમ એકતાના પ્રતિક તરીકે પણ પ્રચલિત બન્યુ છે. અનેક મુસ્લીમભાઈઓ-બહેનો ધાર્મિક પ્રસંગોએ લાભ લે છે. મંદિરના પરમ શિષ્યો એવા રાજુભાઈ પટેલ, મિલનભાઈ મોદી, કૃષ્ણકાંત પરમાર, રમેશભાઈ વણઝારા, તેનાભાઈ પ્રજાપતિ, બાબુભાઈ પગી, હેમુભાઈ સોલંકી વગેરે પ્રસંગને સફળ બનાવવા સતત બે દિવસથી ભારે જહેમત ઉઠાવી હતી.

શ્રી હરી ફાઈનાન્સ
પ્રો. દુષ્યંત પી પટેલ
મો. ૯૪૨૭૪૫૬૧૪૯
સહજાનંદ કોમ્પલેક્ષ, સંજીવની હોસ્પીટલ સામે, મોડાસા કપડવંજરોડ, બાયડ




મોનીક પટેલ
(૯૭૧૨૯૭૬૬૨૬)



ગોપાલભાઈ પટેલ
(૯૪૨૬૫૬૪૫૦૦)

મુ.પો. બાયડ તા. બાયડ જી. અરવલ્લી





મુખી ટ્રેડીંગ કંું



જે.કે. લક્ષ્મી સીમેન્ટ ના ઓથો ડીલર
સપન હોસ્પીટલ ના સામે કપડવંજ રોડ, મુ.બાયડ, તા.બાયડ, જી અરવલલી
પ્રો સાવન પટેલ (મુખી)
મો. ૭૦૪૩૪૭૮૭૦૦

શ્રી વિમલભાઈ પટેલ
સરપંચ શ્રી
સાયરા ગ્રામ પંચાયત
મુ. સાયરા તા. મોડાસા. જી અરવલ્લી

સંકલન :- સમીર બલોચ (૯૯૨૪૩૩૩૩૪૩) એન્ડ જીતેન્દ્ર પટેલ (૯૪૨૭૩૬૮૫૦૩) મોડાસા અરવલ્લી જીલ્લા બ્યુરો ઓફીસ પ્રમુખધામ કોમ્પ્લેક્ષ મોડાસા